## સંક્ષિપ્ત સમાચાર

### કાલોલના મલાવ ખાતે નવીન આંગણવાડીના મકાનનું ઉદ્ઘાટન કરાયું




કાલોલ : કાલોલ તાલુકા મલાવ ગામે આંગણવાડી ના નવિન મકાન નુ ઉદઘાટન પ્રસંગે પંચમહાલ લોકસભા ના સાંસદ રાજપાલસિંહજી જાદવ તેમજ પંચમહાલ જિલ્લા ભારતીય જનતા પાર્ટી ના મહામંત્રી નરેન્દ્રસિંહ ગોહિલ, તાલુકા પંચાયત ઉપપ્રમુખ સંજય રાઠોડ, યુવા મોરચા પ્રમુખ વિરેન્દ્રસિંહ ચૌહાણ,મલાવ સરપંચ તેમજ તાલુકા પંચાયત સદસ્ય તેમજ જિલ્લા પંચાયત સદસ્ય ની વિશેષ ઉપસ્થિત માં કરવામાં આવ્યું હતુ. આ પ્રસગે ઉપસ્થિત નાગરિકો, ગામલોકો અને સૌ પ્રજામાં ખુશીની લહેર વ્યાપેલી જોવા મળી હતી.

### કાલોલની સી. બી. ગર્લ્સ હાઈસ્કૂલમાં સંસ્કૃત ગીત અને સુભાષિતોની પ્રવૃતિઓ યોજાઇ



કાલોલ : શ્રીમતી સી. બી. ગર્લ્સ હાઈસ્કૂલ કાલોલમાં વિદ્યાર્થીનીઓમાં સંસ્કૃત ભાષા પ્રત્યે પ્રેમ અને રસ કેળવવાના હેતુથી શાળામાં સંસ્કૃત ગીતો અને સુભાષિતોની પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રવૃત્તિઓમાં વિદ્યાર્થીનીઓએ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો.કાર્યક્રમની શરૂઆત પ્રાર્થના અને સંસ્કૃત શ્લોકોના પઠનથી કરવામાં આવી. ત્યારબાદ વિદ્યાર્થીનીઓએ મધુર સ્વરે વિવિધ સંસ્કૃત શ્લોકો રજૂ કર્યા. આ દ્વારા વિદ્યાર્થીઓએ સંસ્કૃત ભાષાની સુંદરતા અને ભારતીય સંસ્કૃતિની ઝાંખી રજૂ કરી.આ પ્રવૃત્તિથી વિદ્યાર્થીનીઓમાં સંસ્કૃત શબ્દભંડોળ, ઉચ્ચારણ અને વક્તૃત્વ કૌશલ્યનો વિકાસ થયો.

### સુખસર તાલુકાના બલૈયા નવયુવક મંડળ દ્વારા ડાક કાવડ યાત્રાનુ આયોજન કરાયું



સુખસર : દાહોદ જિલ્લામાં આ પહેલી એવી કાવડયાત્રા હતી જે ડાક કાવડ યાત્રા કહેવામાં આવે છે.જે એક મિનિટ પણ ઉભા રહ્યા વગર કડાણા થી ગંગાજળ ભરવામાં આવે છે.ત્યાંથી લઈને બલૈયા શિવ મંદિર સુધી દોડીને આવી અને જળાભિષેક કરવામાં આવે આવ્યો હતો. જ્યારે આ કાવડયાત્રાની અંદર નવયુવક મંડળ બલૈયાના યુવાનો દ્વારા આ કાવડયાત્રા યોજવામાં આવી હતી.જ્યારે કડાણા ડેમથી લઈને બલૈયા શિવ મંદિર ખાતે અભિષેક કરવામાં આવ્યો હતો. કાવડ યાત્રા માટે 25 જેટલા યુવાનો જોડાયા હતા.અને 35 કિલોમીટરથી જળ લઈને પીપળો કે વડલો ઓળંગ્યા વગર નોન સ્ટોપ દોડીને કાવડ યાત્રા યોજવામાં આવી હતી.

### મન કી બાત'ના ૧૩૭માં એપિસોડનું સામૂહિક શ્રવણ : ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત



કાલોલ : કાલોલ તાલુકાના એરાલ ગામ ખાતે દેશના પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી ના લોકપ્રિય કાર્યક્રમ 'મન કી બાત'ના ૧૩૭મા એપિસોડનું સામૂહિક શ્રવણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ભારતીય જનતા પાર્ટીના હોદ્દેદારો, કાર્યકર્તાઓ અને ગ્રામજનો મોટી સંખ્યામાં જોડાયા હતા. આ પ્રસંગે જિલ્લા પ્રભારી હર્ષદભાઈ વસાવા, જિલ્લા પંચાયત પ્રમુખ નીરજભાઈ પટેલ, જિલ્લા મહામંત્રી નરેન્દ્રસિંહ ગોહિલ, જીલ્લા ભાજપ કિસાન મોરચાના પ્રમુખ કિરણસિંહ સોલંકી,કાલોલ તાલુકા ભાજપ મંડળના પ્રમુખ મહિદીપસિંહ ગોહિલ, તાલુકા પંચાયત પ્રમુખ જયપાલસિંહ રાઠોડ, મંડળના બંને મહામંત્રીઓ વીરેન્દ્રસિંહ પરમાર તથા નરેન્દ્ર જાદવ સહિત જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

---

#### સૌ પ્રથમ છોડી દેવાયા બાદ ચર્ચાઓ થતા ખાલી ટ્રેક્ટર પુનઃ કબજે કરાયું

## બોરુ રોયલ્ટી પાસ વગર રેતી ભરીને પસાર થતું ટ્રેક્ટર મામલતદારે ઝડપ્યું



(પ્રતિનિધિ) કાલોલ, તા.31
કાલોલ વિસ્તારમાં મામલતદાર, સર્કલ ઓફિસર અને અન્ય અધિકારીઓ દ્વારા ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. આ દરમિયાન સંજયભાઈ ભીમાભાઈ નાયક (ઉ.વ. આશરે ૩૦, રહે. જેતપુર, જિ. પંચમહાલ) પોતાનું ટ્રક (નં. GJ17CA0985) જેની માલિકી પણ તેમની જ છે, તેમાં આશરે ૧.૫ મેટ્રિક ટન રેતી ખનિજ ભરીને પસાર થઈ રહ્યા હતા. ચેકિંગ દરમિયાન અધિકારીઓએ વાહન સાથે રાખવાના થતા નિયમો મુજબ રોયલ્ટી પાસ, ડીલિવરી ચલણ, કાંટા પાવતી તેમજ ભૂસ્તર વિજ્ઞાન અને ખનિજ ખાતામાં વાહન રજીસ્ટ્રેશનના આધાર પુરાવા માંગ્યા હતા. જે વાહનચાલક પાસે ન હોવાનું અને રોયલ્ટી પાસ વગર જ ખનિજનું ગેરકાયદેસર વહન કરતું હોવાનું કબૂલ કરવામાં આવ્યું હતું. આ મામલે અધિકારીઓ દ્વારા નિયમોનુસાર આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. ઉલ્લેખનીય છે આ ટ્રેક્ટર કાલોલના જાણીતા ખનીજ માફિયા નુ છે અને તેણે પોતાના ડ્રાઈવર ના નામે ટ્રેક્ટર લીધેલ હોવાનું ચર્ચામાં આવી રહ્યુ છે. કાલોલ મામલતદાર કચેરીના આ ખનીજ માફિયા ઉપર ચાર હાથ હોવાથી તેનું ટ્રેક્ટર પકડતા નહોતા અને પકડાય તો છોડી દેવામાં આવતુ હતુ આ કિસ્સામાં પણ પકડાયેલું ટ્રેક્ટર છોડી દેવામાં આવ્યું હતુ પરંતુ ખનન માફિયાઓના વોટ્સએપ ગ્રુપ માં ખનીજ માફિયા ના નામ જોગ ફક્ત ૫ સેકન્ડ નો વોઈસ મેસેજ આવ્યો હતો કે,"ફલાણા ભાઈનું ટ્રેક્ટર પકડે છે તો છોડી દે છે આપડા કેમ પકડે છે બડા ભાઈ" ફકત આ મેસેજ ને કારણે છોડી દીધેલું રેતી ખાલી કરેલુ ટ્રેક્ટર પાછું બોલાવ્યું અને રોજકામ કર્યું હોવાની વિગતો ખુબ ચર્ચામાં ચાલી રહી છે ત્યારે ખનીજ માફીયાઓ સામે ની મામલતદાર કચેરીની કામગીરી માં પણ વ્હાલા દવલા ની નીતી ચાલતી હોય તેવું લાગી રહ્યુ છે. બોરુ ગામમાં પૈસા લઈને રેતી ભરાવતા શખ્સો કોણ તેની પણ ચર્ચા જામી છે

#### ઝાલોદ તાલુકામાં શિવમય સોમવાર ઉજવાયો

## જાન માર્યા મહાદેવ મંદિરથી સુખસરેશ્વર મહાદેવ સુધી કાવડયાત્રા યોજાઈ

**સુખસર પ્રખંડના 22 ગામોમાંથી 455 કાવડયાત્રીઓ જોડાયા**



(પ્રતિનિધિ) સુખસર,તા.31
ઝાલોદ તાલુકાના જાન માર્યા મહાદેવજી મંદિરથી સુખસર ખાતે આવેલ સુખસરેશ્વર મહાદેવ મંદિર સુધીની આજરોજ ચોથી ભવ્ય કાવડયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું.સુખસર પ્રખંડના 22 ગામોમાંથી કુલ 455 કાવડયાત્રીઓ આ ધાર્મિક યાત્રામાં જોડાયા હતા. વિવિધ ગામોમાંથી મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ એકસાથે જોડાતા સમગ્ર વાતાવરણ ભક્તિમય બની ગયું હતું. કાવડયાત્રા દરમ્યાન જાન માર્યા મહાદેવ મંદિરથી કળશમાં પવિત્ર જળ ભરી સુખસર મહાદેવ મંદિરે લાવવામાં આવ્યું હતું.જ્યાં ભગવાન શિવને પવિત્ર જળ અર્પણ કરી જળાભિષેક કરવામાં આવ્યો હતો. યાત્રામાં સુખસર, રાવળના વરૂણા, મકવાણાના વરૂણા, ભોજલા, મારગાળા, પાટડીયા, બોરીદા, વાકાનેર, મોટી ઢઢેલી, લખણપુર, આફવા, ધાણીખૂટ, કાળીયા સહિતના ગામોના શ્રદ્ધાળુઓ જોડાયા હતા. હર હર મહાદેવના જયઘોષ સાથે કાવડયાત્રીઓ ઉત્સાહપૂર્વક આગળ વધ્યા હતા.

#### અગાઉ તાલીમ મેળવેલ કે હાલમાં તાલીમ હેઠળ હોય તેવા ઉમેદવારોએ અરજી કરવી નહીં

## ગોધરા એસ.ટી. વિભાગ દ્વારા વિવિધ ટ્રેડ માટે એપ્રેન્ટીસની ભરતી યોજાશે

(પ્રતિનિધિ) ગોધરા, તા.31
ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ (ગુ.રા.મા.વા.વ.નિગમ) ગોધરા વિભાગ હેઠળના પંચમહાલ, મહીસાગર અને દાહોદ જિલ્લાના વિવિધ ડેપો, વર્કશોપ અને વિભાગીય કચેરીઓ ખાતે એપ્રેન્ટીસ એક્ટ ૧૯૬૧ હેઠળ ITI પાસ ઉમેદવારો માટે તાલીમાર્થીઓની ભરતીનું આયોજન કરવામાં આવ્યું છે. આ ભરતી અંતર્ગત કોપા , ડીઝલ મિકેનિક, મિકેનિક મોટર વહીકલ, વેલ્ડર અને ઈલેક્ટ્રીશિયન જેવા ટ્રેડમાં NCVT અથવા GCVT નું પ્રમાણપત્ર ધરાવતા લાયક ઉમેદવારો પાસેથી અરજીઓ મગાવવામાં આવી છે.

ભરતી પ્રક્રિયામાં ભાગ લેવા ઈચ્છુક ઉમેદવારોએ પ્રથમ www.apprenticeshipindia.gov.in પોર્ટલ પર ઓનલાઈન રજીસ્ટ્રેશન કરી તમામ વિગતો અપલોડ કરવાની રહેશે. ત્યારબાદ તેની હાર્ડ કોપી મેળવીને એસ.ટી. વિભાગીય કચેરી, ગોધરા (અમદાવાદ રોડ, ભુરાવાવ) ખાતે વહીવટી શાખામાંથી તા. ૦૭/૦૯/૨૦૨૬ થી તા. ૧૭/૦૯/૨૦૨૬ દરમિયાન (ઓફિસના કામકાજના દિવસોમાં સવારે ૧૧:૦૦ થી બપોરે ૧૪:૦૦ કલાક સુધી) નિયત અરજી ફોર્મ મેળવી લેવાનું રહેશે. ભરેલું અરજી ફોર્મ તમામ શૈક્ષણિક લાયકાતના પ્રમાણપત્રોની પ્રમાણિત નકલો, એલસી, જાતિનું પ્રમાણપત્ર અને બે પ્રતિષ્ઠિત વ્યક્તિઓના ચાલ-ચલગત અંગેના અસલ પ્રમાણપત્રો સહિત તા. ૧૭/૦૯/૨૦૨૬ ના રોજ સાંજે ૧૭:૦૦ કલાક સુધીમાં રૂબરૂ જમા કરાવવાનું રહેશે. લાયકાતના ધોરણો મુજબ મિકેનિક ટ્રેડ માટે ધોરણ ૧૦ પાસ સાથે ITI અને કોપા ટ્રેડ માટે ધોરણ ૧૨ પાસ સાથે ITI ફરજિયાત છે. ઉમેદવારે વર્ષ ૨૦૨૩ કે તે પછીના વર્ષમાં ITI પાસ કરેલું હોવું જોઈએ તેમજ ૩૫ વર્ષથી વધુ ઉંમર ધરાવતા ઉમેદવારો અરજી કરી શકશે નહીં. અગાઉ તાલીમ મેળવેલ કે હાલમાં તાલીમ હેઠળ હોય તેવા ઉમેદવારોએ અરજી કરવી નહીં. પસંદગી પ્રક્રિયા ઉમેદવારોના ITI માર્કશીટના મેરીટના આધારે વતનના જિલ્લા વાઈઝ કરવામાં આવશે, અને ફોર્મ ભરતી વખતે તાલીમ માટેના જિલ્લાની સ્પષ્ટ વિગત દર્શાવવાની રહેશે, તેમ વિભાગીય નિયામક એસ.ટી., ગોધરા દ્વારા જણાવવામાં આવ્યું છે.

#### મૂળ જામનગરના ડોશીમાંની યુવાનોને હંફાવે તેવી તંદુરસ્તી

## 102 વર્ષની ઉંમરે પાવાગઢના પગથિયાં ચઢ્યાં, જેઠીબેને યુવાનોને પ્રેરણા આપી



(પ્રતિનિધિ) હાલોલ, તા.31
યાત્રાધામ પાવાગઢ ખાતે ભક્તિ અને શ્રદ્ધાનું એક અનોખું દશ્ય જોવા મળ્યું છે. 102 વર્ષની વયે પણ અડગ શ્રદ્ધા અને અદમ્ય હિંમત ધરાવતા જામનગરના આમરા ગામના જેઠીબેન ભગવાનજી કણજારીયાએ પરિવાર સાથે પાવાગઢના પગથિયાં ચડીને મહાકાળી માતાજીના દર્શન કર્યા હતા. જેઠીબેનની ઉંમર અને તેમનો ઉત્સાહ જોઈને પાવાગઢમાં આવેલા શ્રદ્ધાળુઓ પણ આશ્ચર્યચકિત થઈ ગયા હતા. પરિવારની ત્રીજી પેઢીના બાળકને સાકર સાથે તોલવાની ધાર્મિક વિધિ માટે જેઠીબેન પરિવારજનો સાથે પાવાગઢ પહોંચ્યા હતા. આ ધાર્મિક પ્રસંગને યાદગાર બનાવતા જેઠીબેને 102 વર્ષની ઉંમરે પણ કોઈ સહારો લીધા વિના પરિવાર સાથે પાવાગઢના પગથિયાં ચડવાની હિંમત કરી હતી. લાંબી ચઢાણ હોવા છતાં તેમની શ્રદ્ધા અને ઉત્સાહમાં કોઈ કમી જોવા મળી નહોતી.જેઠીબેન ભગવાનજી કણજારીયાની આ યાત્રા માત્ર માતાજીના દર્શન પૂરતી સીમિત રહી નહોતી, પરંતુ તેમની અડગ આસ્થા અને આત્મવિશ્વાસે આસપાસના લોકોનું પણ ધ્યાન ખેંચ્યું હતું. ઉંમરનો બોજ શરીર પર હોવા છતાં મનમાં રહેલી શ્રદ્ધા અને માતાજી પ્રત્યેની ભક્તિના બળે તેમણે પાવાગઢની ચઢાણ પૂર્ણ કરી મહાકાળી માતાના દર્શન કર્યા હતા.પાવાગઢમાં જેઠીબેનને પગથિયાં ચડતા જોઈને અનેક શ્રદ્ધાળુઓએ તેમની હિંમતને બિરદાવી હતી.

#### લીમખેડાના ચોપાટપાલ્લી ગામનો બનાવ

## ચાર ઈસમોએ મળીને વેપારી પાસેથી રૂ.૧.૯૦ લાખની મતા તફડાવી

(પ્રતિનિધિ) દાહોદ, તા.31
લીમખેડા નગરના જુના દાહોદ રોડ પર માર્કેટિંગ યાર્ડ ખાતે રહેતા ૪૦ વર્ષીય સંદીપભાઈ પ્રકાશભાઈ ગુર્જર નામના વેપારી તારીખ ૨૮-૮-૨૦૨૬ ના રોજ રાત્રિના સાડા સાતથી આઠ વાગ્યા દરમિયાન પોતાની વરના ગાડી લઈ ચોપાટ પાલડી ગામના હેલીપેડ વાળી ખુલ્લી જગ્યામાં ગયા હતા અને ત્યાં પોતાની કાર પાર્ક કરી કારમાં બેસીને સિગારેટ પી રહ્યા હતા. તે દરમિયાન લીમખેડા તાલુકાના પીપળી ગામના વલભાઈ રાજુભાઈ રાવત તેમજ તેના પિતા રાજુભાઈ દલુભાઈ રાવત એમ બંને જણા ત્યાં આવ્યા અને તે બે પૈકી રાજભાઈ દલભાઈ રાવને લીમખેડાના સુંદીપભાઈ પ્રકાશ ભાઈ ગુર્જરને કહેલ કે તું અહીંયા કેમ ઊભો છે? અહિયા ના અમે બાદશાહ છીએ. અહીંયા ઊભા રહેવાના તારે અમોને પૈસા આપવા પડશે તેમ કહી પૈસાની માંગણી કરી હતી. પરંતુ સંદીપભાઈ ગુર્જરે તેઓને પૈસા આપવાની સાફ ના પાડી દેતા ધવલભાઈ રાવત તેમજ તેના પિતા રાજુભાઈ રાવત એમ બંને જણાવું ઉશ્કેરાયા હતા અને ધવલભાઈ રાવતે સંદીપભાઈ ગુર્જરની વરના ગાડીના ડાબી બાજુના દરવાજાનું હેન્ડલ તોડી નાખી નુકસાન પહોંચાડી સંદીપભાઈ ગુર્જરના માથામાં કાચની બોટલ મારી ઈજા પહોંચાડી હતી. જ્યારે રાહુલ ભાઈ મુનિયાએ સંદીપભાઈ ના ગળામાં પહેરેલ રૂપિયા ૧.૫૦ લાખની કિંમતની આખરે દોઢ તોલા વજનની સોનાની ચેન ખેંચી કાઢી લીધી હતી.

#### દાહોદ જિલ્લામાં ગમખ્વાર અકસ્માતોનો સિલસિલો યથાવત

## જુદી જુદી જગ્યાએ સજાયેલા ગમખ્વાર અકસ્માતના બે બનાવોમાં બેના મોત

**પોલીસે બંને બનાવોમાં અકસ્માતે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે**

(પ્રતિનિધિ) દાહોદ, તા.31
દાહોદ જિલ્લામાં જુદી જુદી જગ્યાએ સર્જાયેલા ગમખ્વાર અકસ્માતના બે બનાવ પૈકીનો એક બનાવ દેવગઢબારિયા ત્યુ રોડ પર ગઈકાલે રાત્રિના પોણા આઠેક વાગ્યાના સુમારે બનવા પામ્યો હતો જેમાં દેવગઢબારિયા તાલુકાના ભથવાડા ગામના વાઢી ફળિયામાં રહેતા ૩૫ વર્ષીય અશ્વિનકુમાર લક્ષ્મણભાઈ બારીયા કબજાની જીજે ૨૦ બીકે ૩૬૨૯ નંબરની મોટર સાયકલ પૂરઝડપે અને ગફલત ભરી રીતે હંકારીને લઈ જતા વાડોદર ગામે ડુંગરની ક્ષમતા કરતા વધુ પડતી ઝડપ અને વચ્ચે આવેલ ભારતમાલા રોડ પર ચાલકની ગફલતને કારણે ભારત માલા હાઈવે રોડ પર ચાલી રહેલા ત્યાં મુકેલ જનરેટર સાથે મોટર સાયકલ ધડાકાભેર અથડાતા સર્જાયેલા ગમખ્વાર અકસ્માતમાં મોટર સાયકલ ચાલક અશ્વિનકુમાર લક્ષ્મણભાઈ બારીયાને છાતીના ભાગે, પગે તેમજ શરીરે ગંભીર ઈજાઓ થતાં તેનું સ્થળ પર જઅરેરાટી ભર્યુંમત નિપજ્યું હતું. આ સંબંધે ભથવાડા ગામના વાઢી ફળિયામાં રહેતા લક્ષ્મણભાઈ દલાભાઈ કોળીએ પીપલોદ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે આ મામલે કેટલનો ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

#### હાલોલમાં ટીમ અભયમની સફળ કામગીરી

## ઘર છોડી પ્રેમી સાથે રહેવાની જીદ કરતી ૧૭ વર્ષની સગીરાનું સઘન કાઉન્સેલિંગથી સમજાવી

(પ્રતિનિધિ) દાહોદ, તા.31
રાજ્યભરમાં મુશ્કેલીમાં મુકાયેલી, અસહાય કે કૌટુંબિક સમસ્યાઓથી ઘેરાયેલી મહિલાઓ અને કિશોરીઓને સમયસર મદદ અને માર્ગદર્શન પૂરું પાડવા માટે 181 અભયમ મહિલા હેલ્પલાઈન સતત કાર્યરત છે. તાજેતરમાં એક સંવેદનશીલ કિસ્સામાં, 17 વર્ષની એક સગીરા પોતાના ઘરેથી ભાગીને તેના પ્રેમીના ઘરે પહોંચી ગઈ હતી. ત્યારબાદ તેનો પ્રેમી સગીરાને લઈને સ્થાનિક પોલીસ સ્ટેશને આવ્યો હતો. પોલીસ સ્ટેશન ખાતે સગીરા પોતાના માતા-પિતા સાથે ઘરે પરત જવાની સ્પષ્ટ ના પાડી રહી હતી અને પ્રેમી સાથે જ રહેવાની ભારે જીદ પકડીને બેઠી હતી. ઘટનાની ગંભીરતા અને સગીરાની ઉંમરને ધ્યાનમાં રાખીને તુરંત ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈનની ટીમનો સંપર્ક કરવામાં આવ્યો હતો. માહિતી મળતા જ ૧૮૧ની ટીમ સ્થળ પર પહોંચી ગઈ હતી. અભયમ કાઉન્સિલરે સગીરાને અત્યંત પ્રેમપૂર્વક અને શાંતિથી સાંભળીને તેની મનોસ્થિતિ સમજી હતી.

ત્યારબાદ તેને કાયદાકીય જોગવાઈઓ, સગીર વયે લીધેલા નિર્ણયોનું ભવિષ્ય પર પડતું જોખમ, તેમજ માતા-પિતાની લાગણીઓ અને તેમની જવાબદારીઓ વિશે વિગતવાર સમજણ આપી હતી. અભયમ ટીમના સચોટ, ધીરજપૂર્વકના અને માનસિક કાઉન્સેલિંગના પરિણામે સગીરાને પોતાની ભૂલ સમજાઈ હતી.

#### મહેસૂલી તલાટીઓ અને નાયબ મામલતદારોએ પણ દર્શાવ્યો વિરોધ

## પડતર માંગણીઓ સંદર્ભે કાલોલ મામલતદાર કચેરીના મહેસૂલી કર્મચારીઓ કાળી પટ્ટી ધારણ કરી



(પ્રતિનિધિ) કાલોલ, તા.31
ગુજરાત રાજ્ય મહેસુલી કર્મચારી મહામંડળ દ્વારા વિવિધ મુદાને લઈને કાળી પટ્ટી ધારણ કરી વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું કાલોલ મામલતદાર કચેરીના મહેસૂલી કર્મચારીઓ, મહેસૂલી તલાટીઓ અને નાયબ મામલતદારો દ્વારા વિવિધ ૧૮ જેટલી પડતર માંગણીઓના ઝડપી અને સમયબદ્ધ નિકાલ માટે વિરોધ દર્શાવતા કાળી પટ્ટી ધારણ કરીને કામગીરી કરવામાં આવી હતી. મહેસૂલી કર્મચારી મંડળ દ્વારા રજૂ કરવામાં આવેલી મુખ્ય ૧૮ માંગણીઓ નીચે મુજબ છે: મહેસૂલી તલાટીના Job Chartમાં સુધારા કરવા. અન્ય વિભાગોની બિનજરૂરી કામગીરીની સોંપણી દૂર કરવી. બઢતી સમયે થતી બિનજરૂરી જિલ્લા ફેરબદલી અટકાવવી. કર્મચારીઓને તેમના મૂળ જિલ્લામાં નિમણૂક આપવી. જિલ્લા ફેરબદલી માટે સંપૂર્ણ પારદર્શક પ્રક્રિયા અમલમાં મૂકવી. મહેસૂલી કર્મચારીઓના લાંબા સમયથી અટવાયેલા સેવાકીય પ્રશ્નોનો ઉકેલ લાવવો. મહેસૂલીતલાટીઓનુંમહેકમવધારવું. ILR કચેરી ખાતે થતી હંગામી નિમણૂકો રદ કરવી. ગ્રામ્ય કક્ષાએ મહેસૂલી તલાટી માટે યોગ્ય કચેરીની સુવિધાઓ ઉપલબ્ધ કરાવવી. ક્લાર્ક સંવર્ગમાં વર્તાતી કર્મચારીઓની અછત તાત્કાલિક દૂર કરવી. દરેક સેજા માટે Multi-Tasking Helperની ફાળવણી કરવી. તલાટી-કમ-મંત્રી, મહેસૂલી તલાટી અને ગ્રામ સેવકની કામગીરીની સ્પષ્ટ સરહદો નક્કી કરવી. ઈ-ધરા, Digital Gujarat અને જનસેવા કેન્દ્રનો વધારાનો કાર્યભાર ઘટાડવો. OTP અને Biometric પ્રક્રિયાના કારણે વધતા અતિરિક્ત કાર્યભારમાંથી મુક્તિ આપવી. નિર્ધારિત કચેરી સમય બાદ કામગીરી કરવાનો આગ્રહ ન રાખવો. જાહેર રજાના દિવસોમાં ઓનલાઈન, OTP કે Biometric આધારિત કામગીરી ન કરાવવી વિગેરે માંગો હતી.

#### દાહોદમાં SBIના એટીએમ પાસેની ઘટના

## પૈસા ઉપાડી આપવાનું કહી આધેડ શિક્ષકનું એટીએમ કાર્ડ બદલી ગઠીયાએ રૂપિયા ૭૬,૫૦૦ ઉપાડી લીધા

(પ્રતિનિધિ) દાહોદ, તા.31
દાહોદ શહેરના ગોવિંદનગર, મંડાવાવ રોડ, બાલાજી ટાવર ખાતે રહેતા અને શિક્ષક તરીકે નોકરી કરતા ૪૭ વર્ષીય કિરીટ કુર્મોર રતનસિંગ ધીંગા ગત તારીખ ૫-૮-૨૦૨૬ ના રોજ સાંજના સવા છ વાગ્યાના સુમારે દાહોદ શહેરના યાદગાર ચોક પાસે આવેલ એસ.બી.આઈ બેંકની મુખ્ય શાખાનાં એટીએમમાં પૈસા ઉપાડવા ગયા હતા. તે વખતે એક ગઠીયો તેમને ભેટી ગયો હતો. અને તે ગઠીયાએ એટીએમ માંથી રૂપિયા ઉપાડી આપવાનું કહી શિક્ષક કિરીટકુમાર ધીંગા પાસેથી એટીએમ કાર્ડ લઈ છળ કપટ કરી એટીએમ કાર્ડ બદલી લઈ તે ગઠીયાએ તેની પાસેનું અન્ય ગહુકાસિમ અન્સારીના નામનું એટીએમ કાર્ડ શિક્ષક કિરીટકુમાર ધીંગાને આપી દીધું હતું અને શિક્ષક કિરીટ કુમાર ધીંગાના એટીએમ કાર્ડ મારફતે ગઠીયાએ તે જ દિવસે તથા બીજે દિવસે અન્ય એટીએમ સેન્ટર પર જઈ રૂપિયા ૭૬,૫૦૦/-શિક્ષક કિરીટકુમાર ધીંગાના એકાઉન્ટ માંથી ઉપાડી લઈ વિશ્વાસઘાત, ઠગાઈ કરી હતી. ઠગાઈની આ ઘટના બાદ શિક્ષક કિરિટકુમાર ધીંગા તેમની શાળાના ધ્વજ વંદન કાર્યક્રમ તથા સમાજમાં મરણ થયેલ હોઈ તેની કામગીરીમાં રોકાયેલ હોવાથી તેઓએ આ સંબંધે ગઈકાલ તારીખ ૨૯-૮- ૨૦૨૬ ના રોજ દાહોદ ટાઉન એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં આવી ફરિયાદ નોધાવી છે.